
પ્રજ્ઞા

ગણિત સ્વઅધ્યયનપોથી





ધોરણ ૨

વિદ્યાર્થીનું નામ : _____

શાળાનું નામ : _____

_____





સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

પ્રેરણા

પી. ભારતી (IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

શ્રી પ્રકાશભાઈ ત્રિવેદી
સચિવ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

ડૉ. ટી. એસ. જોષી
નિયામક
જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર

માર્ગદર્શન

ડૉ. હરેશ ચૌધરી
અભ્યાસક્રમ કો-ઓર્ડિનેટર,
રીચ ટુ ટીચ
જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર

ડૉ. મહેન્દ્ર ચોટલિયા
નિવૃત્ત અધ્યક્ષ
શિક્ષણ વિભાગ, એસ.પી. યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર

દિનેશકુમાર દેસાઈ
મદદનીશ શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ કોર્પોરેશન

: લેખન-સંપાદન :

સુચિતકુમાર પ્રજાપતિ
અશોકભાઈ પરમાર
રાધાબેન યાદવ
અમિતભાઈ શાહ
ડૉ. વિજય પટેલ
ઉમાકાંત રાજ્યગુરુ
પીયૂષભાઈ સુથાર
સંજયભાઈ પટેલ
રાજેશભાઈ પટેલ
વિરાગભાઈ ગરાલા
ડૉ. સંજય શાહ
ચિંતન શાહ
પ્રકાશભાઈ ભટ્ટી
પરેશકુમાર દલસાણિયા
પ્રકાશચંદ્ર સુથાર
મનિષકુમાર પરમાર
એમ. એ. શેખ
ભરતકુમાર પ્રજાપતિ
કલ્પેશભાઈ પટેલ
ધર્મેશકુમાર રામાનુજ
અનિલકુમાર ઉપાધ્યાય

: સહયોગ:

અક્ષરા ફાઉન્ડેશન | લેંગ્વેજ એન્ડ લર્નીંગ ફાઉન્ડેશન | રીચ ટુ ટીચ | સેન્ટ્રલ સ્કવેર ફાઉન્ડેશન

સ્વઅધ્યયનપોથી વિશે...

સમગ્ર રાજ્યમાં NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમ અમલી બનેલ છે. આપણે ત્યાં વર્ષ ૨૦૧૦ થી પ્રજ્ઞા અભિગમ અમલી છે. વર્ષ ૨૦૧૮ થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક સહિતની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧-૨ માં NCERT ના અભ્યાસક્રમ મુજબ પ્રજ્ઞા અભિગમ અમલી બનેલ છે.

પ્રજ્ઞા અભિગમમાં વિદ્યાર્થીને શીખવા માટે અભ્યાસકાર્ડ મહત્ત્વનું સાધન છે. તદ્ઉપરાંત જયાં-જયાં લેખનકાર્ય છે, ત્યાં સ્વઅધ્યયનપોથી બીજું અગત્યનું સાધન છે. સ્વઅધ્યયનપોથીમાં જે અભ્યાસકાર્ડનો ભાગ મૂકવામાં આવેલ છે, તે શીખવાના ચોક્કસ ક્રમમાં મૂકવામાં આવેલ છે.

અહીં શિક્ષક પાસે સ્વઅધ્યયનપોથી માટે સવિશેષ અપેક્ષાઓ છે જેમ કે,

- લેડરના ક્રમમાં જયાં લેખન આવે ત્યાં જ સ્વઅધ્યયનપોથીનો ઉપયોગ કરાવવો.
- વિદ્યાર્થીના જે-જે અભ્યાસકાર્ડનું સ્વઅધ્યયનપોથીનું કાર્ય પૂર્ણ થાય તેની તરત જ ચકાસણી કરવી. જરૂર જણાય તો નિદાન ઉપચારની કામગીરી કરવી તથા તેમાં તારીખ અને સહી અવશ્ય કરવી.
- સપ્તાહના અંતિમ દિવસો (શનિવાર - રવિવાર)માં સ્વઅધ્યયનપોથી વિદ્યાર્થીના વાલીને જોવા માટે તથા વિદ્યાર્થીની પ્રગતિને જાણવા માટે ઘરે આપવાની રહેશે. વાલીના પ્રતિભાવ મેળવવા પ્રયાસ કરવો. સપ્તાહના પ્રથમ દિવસે સ્વઅધ્યયનપોથી વર્ગમાં પરત આવે તે જરૂરી બનશે.

આ ઉપરાંત વાલી પાસે પણ સ્વઅધ્યયનપોથી અંગે કેટલીક અપેક્ષાઓ છે જેમ કે,

- સ્વઅધ્યયનપોથીમાં પોતાનું બાળક શું શીખી રહ્યું છે તે જાણે.
- તે જે-જે બાબત શીખ્યા છે, તે જ પ્રમાણે સ્વઅધ્યયનપોથીમાં લેખન થઈ રહ્યું છે કે નહીં તે જાણે.
- વાલી પોતે વિદ્યાર્થીની પ્રગતિ અંગેના પ્રતિભાવ આપે.

આશા છે, વિદ્યાર્થીના ગણિત અંગેના બહિર્મુખી વિકાસમાં સ્વઅધ્યયનપોથી ઉપકારક બનશે.

અનુક્રમણિકા

એકમ	એકમનું નામ	પેઇજ નં.
૧૫	શું છે લાંબું, શું છે ગોળ ?	૧
૧૬	જૂથમાં ગણતરી	૨
૧૭	તમે કેટલું વજન ઊંચકી શકો છો ?	૧૧
૧૮	દશકની ગણતરી	૧૭
૧૯	પેટર્ન (તરાહ)	૨૩
૨૦	પગનાં નિશાન	૩૨
૨૧	જગ અને મગ	૪૫
૨૨	દશક અને એકમ	૫૩
૨૩	મારો મજાનો દિવસ	૫૯
૨૪	કહો, કેટલા થયા ?	૬૮
૨૫	રેખાઓ જ રેખાઓ	૭૨
૨૬	આપવું અને લેવું	૭૮
૨૭	સૌથી લાંબું ડગલું	૮૮
૨૮	આવતાં જતાં પક્ષીઓ	૯૫
૨૯	કેટલી ચોટલી છે ?	૧૦૨

નોંધ :

- શિક્ષકશ્રીએ તમામ લેખનકાર્ય ચકાસીને સહી કરવી.
- નિદાનકાર્ય કરીને જરૂરી અનુકાર્ય કરવું.

એકમ ૧૫

3


તમારી આસપાસની વસ્તુઓ જુઓ અને લખો :

ગબડી શકે તેવી વસ્તુઓ	સરકી શકે તેવી વસ્તુઓ	ગબડી શકે અને સરકી પણ શકે તેવી વસ્તુઓ



એકમ ૧૬


૨



અનુમાન કરો, કેટલા દડા ?



અનુમાન કરો, કેટલાં કેળાં ?



અનુમાન કરો, કેટલી માછલીઓ ?






અનુમાન કરો, કેટલા ભમરડા ?


એકમ ૧૬

૪

અનુમાન કરો, ગણો અને લખો.


વસ્તુ	અનુમાન કરીને લખો	ગણતરી કરીને લખો
	_____	_____
	_____	_____
	_____	_____
	_____	_____
	_____	_____

બે-બેનાં જૂથ બનાવો.




_____ જૂથ

ત્રણ - ત્રણનાં જૂથ બનાવો.



_____ જૂથ

પાંચ-પાંચનાં જૂથ બનાવો.



_____ જૂથ

૫

અનુમાન કરો : વધારે કે ઓછું ?


સાચા જવાબ ફરતે ☐ કરો :

- તમારા મોંમાં રહેલ દાંતની સંખ્યા



૪૦ થી વધારે
૪૦ થી ઓછા

- મોસંબીમાં રહેલ બીજની સંખ્યા



૧૦ થી વધારે
૧૦ થી ઓછાં

- દીવાસળીની પેટીમાં રહેલ દીવાસળીની સંખ્યા



૪૦ થી વધારે
૪૦ થી ઓછી

- તમારા વર્ગમાં પેન્સિલની સંખ્યા



૪૫ થી વધારે
૪૫ થી ઓછી

- સાઈકલના એક પૈડાના આરાની સંખ્યા



૨૫ થી વધારે
૨૫ થી ઓછી



પડો ત્યાં સુધી કૂદો.

- તમે પડ્યા વગર જમણા પગથી સળંગ
  કેટલી વાર કૂદી શકો છો ?

  અનુમાન _____ ખરેખર _____




- તમે પડ્યા વગર ડાબા પગથી સળંગ
  કેટલી વાર કૂદી શકો છો ?

  અનુમાન _____ ખરેખર _____

- ટપકાં જોડો.

  મોતી ભૂખ્યો છે. ૨૧ થી ૫૨ સુધીનાં ટપકાં ક્રમમાં જોડો અને શોધો કે આ બિંદુઓમાં તેના ખાવા માટે શું છૂપાયેલું છે ?






૭

તોફાની ભૂરો

ભૂરાએ આ પુસ્તકનાં કેટલાંક પાનાં ફાડી નાખ્યાં.



પાનાં પર સંખ્યાઓને તેના સાચા ક્રમમાં લખો.




પૂંછડી મારી ગૂંચવાય ના ...

ચિપકુ ઊંદરને ખૂબ લાંબી પૂંછડી છે. તે સૂઈ રહ્યો હતો, ત્યારે તોફાની બિલાડીએ તેની પૂંછડીને થાંભલા સાથે બાંધવા વિચાર્યું.


તેણે સૌથી મોટી સંખ્યાવાળા થાંભલા સાથે બાંધવાનું શરૂ કર્યું. એક પછી એક ક્રમિક આવતી નાની સંખ્યાવાળા થાંભલા સાથે પૂંછડીને બાંધતી ગઈ.

પૂંછડીને થાંભલા સાથે બાંધવા તેની મદદ કરો. પણ ધ્યાન રાખજો કે પૂંછડીનો કોઈ ભાગ બીજા કોઈ ભાગને કાપે નહીં.



૬

ચિત્રના આધારે જવાબ લખો.



- કેટલા લોકો ગાજર ખેંચે છે ?

  _____

- પ્રથમ ક્રમે ગાજર કોણ ખેંચે છે ?

  _____

- બિલાડી કયા ક્રમે છે ?

  _____

- ચોથા ક્રમે ગાજર કોણ ખેંચે છે ?

  _____

- બિલાડી આવ્યા પહેલાં કેટલા લોકો ગાજર ખેંચતા હતાં ?

  _____

- ત્રીજા ક્રમમાં ગાજર ખેંચે છે તેના માથા પર ટોપી દોરો.

- છઠ્ઠા ક્રમે ગાજર ખેંચનારની મૂછો બનાવો.

સીમાની સદી

સીમાએ અલગ-અલગ પ્રકારના ચાંદલાઓ વડે એક સુંદર ડિઝાઈન તૈયાર કરી છે. તેમાં વપરાયેલા જુદા-જુદા પ્રકારના ચાંદલાઓની સંખ્યાઓનો અંદાજ લગાવો અને તેની અંદાજિત સંખ્યા નીચે લખો.





_____



_____



_____



_____




_____



_____


૧૨



3

ત્રાજવાંનો ઉપયોગ કરીને નીચેની વસ્તુઓમાંથી કઈ વસ્તુ ભારે છે તે લખો.

વસ્તુઓ	શું ભારે છે ?
પેન્સિલ કે પેન ?	
તમારી ગણિતની સ્વઅધ્યયનપોથી કે ગુજરાતીની સ્વઅધ્યયનપોથી ?	
તાળું કે ચાવીનો ગુચ્છો ?	
ચોક કે ડસ્ટર ?	
બેટ કે સ્ટમ્પ ?	
થાળી કે વાડકી ?	
મણકો કે લખોટી ?	




એકમ ૧૭


૫

ઉદાહરણ મુજબ કરો :


(૧) તડબૂચ સફરજન




(૨) ડોલ કપ




(૩) ફૂટબૉલ નાનો દડો




(૪) દફતર કંપાસબૉક્ષ




(૫) બિસ્કિટ ચૉકલેટ




(૬) બિસ્કિટનાં ૨ પૅકેટ બિસ્કિટનાં ૨ પૅકેટ




(૭)




(૮)




(૯)





(૧૦)





૭

સિમરન કેટલું વજન ઊંચકી શકશે ?

સિમરનના પિતા ઘરના સ્ટોરરૂમમાંથી કેટલીક વસ્તુઓ રસોડામાં લઈ જવા માગે છે.
આ કામમાં સિમરન તેમને મદદ કરવા માગે છે.



૧. અંદાજ લગાવી લખો : કોણ કઈ-કઈ વસ્તુ ઉપાડી શકશે ?



(૧) સિમરન : _____

(૨) સિમરનના પિતા : _____

(૩) સિમરનના માતા : _____

(૪) સિમરનની નાની બહેન : _____

૨. શું સિમરન આમાંથી કોઈ બે વસ્તુ એક સાથે ઊંચકી શકશે ? જો હા, તો કઈ-કઈ ?

_____

૩. તમે જે વસ્તુ ઉપાડી શકો તે વસ્તુ નીચે ✓ કરો :




















એકમ ૧૭

૮

નીચેનામાંથી કોણ કઈ વસ્તુ ઉપાડી શકશે ? જોડો :











































૮

નીચે આપેલ પ્રાણી કે પક્ષીનાં નામની સામે આપેલ વસ્તુમાંથી જે-જે વસ્તુ ઉપાડી શકે તે ખાનામાં રંગ ભરો.

ચકલી				
ઊંટ				
કબૂતર				
બકરી				
ઘોડો				
બિલાડી				
વાંદરું				
છોકરો				

૨

બોલો ભાઈ કેટલાં ?

ભાનુ જંગલમાંથી લાકડાં ભેગાં કરે છે અને બજારમાં વેચે છે.





તે ૧૦ લાકડાંની ૧ ભારી બનાવે છે.

- ૩ ભારીમાં કુલ _____ લાકડાં છે.
- બધાં મળી કુલ કેટલાં લાકડાં છે ?

  _____
- જો ભારીની સંખ્યા ૪ હોય, તો કુલ લાકડાં _____ હોય.


3

દસ-દસનાં જૂથ બનાવી બનતી સંખ્યા લખો.


	૧૨
	
	
	
	

3

સંખ્યા મુજબ મણકા દોરો.

૪૨	
૫૩	
૬૨	
૬૭	
૫૯	
૬૯	

૪




(૧) પૅકેટની બહાર કેટલી પેન્સિલ છે ? _____

(૨) દસ-દસ પેન્સિલનાં કેટલાં પૅકેટ છે ? _____

(૩) કુલ _____ પેન્સિલ છે.


૫



- કનક પાસે ચાંદલાનાં કેટલાં પૅકેટ છે ? _____
- કુલ કેટલા ચાંદલા છે ? _____


ઉપરના દરેક પૅકેટમાં ૩ + ૪ + ૩ મુજબ ચાંદલા છે.

હવે તમે દસ-દસ ચાંદલાનાં જૂથ જુદી-જુદી રીતે બનાવો.



૬

માલતીના ઘરે લગ્ન છે. તે ફૂલોની માળા બનાવે છે. તે દસ-દસ ફૂલની એક માળા બનાવે છે.




- જો તમારી પાસે ૨૧ ફૂલ હોય, તો તમે દસ-દસ ફૂલની કેટલી માળા બનાવી શકશો ? _____
- જો તમારી પાસે ૩૫ ફૂલ હોય, તો તમે દસ-દસ ફૂલની કેટલી માળા બનાવી શકશો ? _____


૨

ભોલું  બિન્નીની મમ્મીની શાલનો એક ખૂણો ખાઈ ગયો છે.

ચિત્ર જોઈને ઓળખો. જે ટુકડો શાલનો ખૂણો હોય તેના પર ◯ કરો.




માધવ દરવાજા પર  થી એક પેટર્ન બનાવવા માંગે છે. શું તમે બતાવી શકો કે નીચે બતાવેલી કઈ કઈ પેટર્ન  આ ચિત્રથી નહીં બનાવી શકાય ? તેના પર ◯ કરો.





ખાલી ખાનામાં રંગ ભરીને પેટર્ન પૂરી કરો :



એકમ ૧૯

૪


↑ તીરની મદદથી જુદી-જુદી પેટર્ન દોરો. (→, ←, ↑↑, ↗, ↙, ↑↑↑, ↑, ↓, ↗↘, ↙↘)

↑	↓	↑	↓	↑	↓	↑

એકમ ૧૯


૫

પેટર્નને ધ્યાનથી જુઓ અને ખાલી ખાનાં ભરો :






જુદી-જુદી આકૃતિઓનો ઉપયોગ કરી વિવિધ પેટર્ન બનાવો અને મિત્રોને બતાવો.




૭

(૧) ટીટુ દેડકો બે સંખ્યાઓ પરથી કૂદે છે અને ત્રીજી પર પહોંચે છે. હવે ટીટુ ક્યાં જશે ?
ટીટુ જે-જે સંખ્યાઓ પર કૂદશે, તે સંખ્યાઓ પર ◯ કરો.



(૨) ટીટુ કૂદતાં-કૂદતાં, દરેક કૂદકામાં ૧૦મા પથ્થર પર પહોંચી જાય છે.
તમે પથ્થરો પર સંખ્યા લખો.





(૩) ધ્યાનથી જુઓ અને પછીનાં ખાનાં ભરો.


મન	નમ	મન					
રાત	દિવસ	રાત					
રમત	ગમત	રમત					
૧	૨	૧	૨				

૮૭	૮૮	૮૯					
૨૦	૩૦	૪૦					
૧૯	૨૯	૩૯					
૨	૫	૮					
૧૫	૨૦	૨૫					
૧૮	૨૧	૨૪					
૫૨	૫૪	૫૬					
૧૧	૨૨	૩૩					
૮૫	૭૫	૬૫					
૨૦	૧૯	૧૮					
૪૦	૩૮	૩૬					


એકમ ૧૯

૯


(૧) પેટર્નમાં ખોટી વિગત પર ◯ કરો.



(૨) પેટર્ન પૂર્ણ કરો.



(૩) તોરણમાં યોગ્ય સંખ્યાઓ લખો.



(૪) ખાનામાં દર્શાવ્યા મુજબની સંખ્યાઓ પર ◯ કે △ દોરી પેટર્ન પૂરી કરો.

૧	◯ ૨	૩	◯ ૪	△ ૫	◯ ૬	૭	૮	૯	△ ૧૦
૧૧	૧૨	૧૩	૧૪	△ ૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦

એકમ ૨૦

૨

પગના પંજાના નિશાન સાથે જોડો.

અ	બ
	
	
	
	
	
	

૨

કૂતરાના પગના પંજાનું નિશાન દોરો.

તમારા મિત્રનો પગનો પંજો જમીન પર દોરો. પછી તેને તમારા પગના પંજા સાથે સરખાવો. તે નાનો છે કે મોટો તે નક્કી કરી ✓ કરો.



તમારા મિત્રનો પગનો પંજો	
નાનો	મોટો


તમારા પગનો પંજો	
નાનો	મોટો

3

રેખાંકન કરો.

રોનક એક પાંદડાની કિનારી પર રેખાંકન કરે છે. તમે પણ પાંદડા, કાંકરા, લાકડી, બંગડી, ચાંદલો જેવી વસ્તુઓ એકઠી કરો. આ વસ્તુઓને અહીં રેખાંકિત કરો.





3

ચિત્ર જુઓ,

રૂહીએ વાડકીની ધારને બે જુદી-જુદી રીતે રેખાંકિત કરી છે.



- તમે જુઓ કે તેણે વાડકીને બે અલગ-અલગ રીતે રેખાંકિત કરવા કેવી રીતે મૂકી છે?

રૂહીએ લીધેલ વાડકી જેવી વસ્તુઓ લો. તેને અલગ-અલગ રીતે મૂકી તેની આકૃતિ અહીં દોરો.

૪

તમારા ઘરના સભ્યોના હાથના નિશાન અહીં દોરો.
તમારા મિત્રને અંદાજ લગાવવા કહો કે, તેમાંથી તમારા હાથનું નિશાન,
તમારી મમ્મીના હાથનું નિશાન અને તમારા પપ્પાના હાથનું નિશાન કયું છે ?

૪


તારીખ : _____

શિક્ષકની સહી : _____

૫

વાંચો અને દોરો.


તમન્ના અને તેની મમ્મી ખુરશી પર બેઠી છે.
તમન્ના વાર્તાની એક ચોપડી વાંચે છે.
તેની મમ્મી છાપું વાંચી રહી છે.
તમન્ના અને તેની મમ્મી ટેબલની સામ-સામે બેઠાં છે.
આ ચિત્રમાં જે વસ્તુઓ દેખાતી નથી તે દોરો.
















એકમ ૨૦


૬











● આ આકૃતિઓની નીચે એવી વસ્તુઓનાં નામ લખો કે જેમનું રેખાંકન જે-તે આકૃતિ જેવું થાય.

ક્રમ				
૧				
૨				
૩				
૪				
૫				

૭

મીનાએ બનાવેલું ચિત્ર





મીનાએ અલગ-અલગ આકૃતિઓનો ઉપયોગ કરીને એક ચિત્ર બનાવ્યું છે.

મીનાએ બનાવેલું ચિત્ર જુઓ અને કહો :

કેટલા ▲ છે ? ____

કેટલા ■ છે ? ____


કેટલા ■ છે ? ____

કેટલા ● છે ? ____




 આકારના કાગળના ટુકડા ચોંટાડી એક ચિત્ર બનાવો.

માત્ર  આકારના કાગળના ટુકડા ચોંટાડી એક ચિત્ર બનાવો.



૮


- ઢીંગલી એક નૃત્ય માટે તૈયાર થવા માગે છે.
- બોક્સમાં આપેલ અલગ-અલગ આકૃતિઓનો ઉપયોગ કરી ઢીંગલીને ઘરેણાંથી સજાવો.







ચહેરા પર ▭ આકૃતિથી ચશ્માં બનાવો.



ચહેરા પર ⋈ આકૃતિથી મૂછો દોરો.



ચહેરા પર ◯ મોઢું દોરો.



ચિત્રમાં ▢ ચહેરો બનાવો.

૧

લીંબુ શરબત બનાવો અને મજાથી પીવો.



અડધું લીંબુ




એક ચપટી મીઠું



એક ચમચી ખાંડ



એક પ્યાલો પાણી



લીંબુ શરબત

અંદાજ લગાવી નીચેની ખાલી જગ્યા પૂરો :

(૧) અડધા લીંબુથી તમને કેટલાં ટીપાં લીંબુનો રસ મળે છે ? _____

(૨) એક આખા લીંબુથી તમને કેટલાં ટીપાં લીંબુનો રસ મળે છે ? _____

(૩) લીંબુના રસનાં કેટલાં ટીપાંથી એક ચમચી ભરાય છે ? _____

(૪) ૬ પ્યાલા લીંબુ શરબત બનાવવા માટે તમારે કેટલાં લીંબુ જોઈએ ? _____

(૫) ૬ પ્યાલા લીંબુ શરબત બનાવવા માટે તમે કેટલી ચમચી ખાંડ લેશો ? _____

3

માગ્યા મુજબ કરો.

૧. પહેલાં અંદાજ લગાવો પછી કરીને જુઓ.

	અંદાજિત કપ	ખરેખર કપ
(૧) કેટલા કપ પાણીથી એક બોટલ ભરાય છે ?  કપ  બોટલ-૧		
(૨) કેટલા કપ પાણીથી એક બોટલ ભરાય છે ?  કપ  બોટલ-૨		

(૩) કયા ક્રમની બોટલમાં ઓછું પાણી ભરાયું છે ? _____

(૪) હવે ત્રીજી જુદા માપની બોટલ લઈ તેમાં કપથી પાણી ભરો અને કહો કે હવે કઈ બોટલમાં સૌથી ઓછું પાણી છે ? _____


બોટલ-૩

૨. નીચે આપેલ વાસણોને કપ વડે પાણીથી ભરો અને આપેલ ખાલી જગ્યાઓ પૂરો.


જગ


ટબ


પ્યાલો


વાડકો


તપેલી

અંદાજ લગાવો.

(૧) કયા વાસણમાં સૌથી ઓછું પાણી છે ? _____

(૨) કયા વાસણમાં સૌથી વધુ પાણી છે ? _____

(૩) કેટલા કપ પાણીથી તપેલી અડધી ભરાય છે ? _____

(૪) કેટલા કપ પાણીથી પ્યાલો આખો ભરાય છે ? _____



3

પ્રોજેક્ટ કાર્ય

કયા વાસણમાં કેટલા કપ પાણી સમાય ?
તમારા ઘરે હોય તેવાં વાસણો ભેગાં કરી કોઈ એક જ કપથી તેમાં પાણી ભરી નીચેનો કોઠો પૂર્ણ કરો.

કયા વાસણનો ઉપયોગ કર્યો ?	અંદાજિત કેટલા કપ પાણી સમાય ?	ખરેખર કેટલા કપ પાણી સમાયું ?

૪

બે પાત્રોમાંથી જે પાત્રમાં વધુ પ્રવાહી / પાણી સમાઈ શકે તે પાત્રના ચિત્ર પર ✓ કરો.

૫

રાની અને દૂધવાળો

અનિલ દૂધવાળો છે. તે દરરોજ એક સરખું દૂધ રાનીના ઘરે આપે છે. રાનીના દૂધના વાસણને ભરવા માટે તે ત્રણ વખત પોતાના કપનો ઉપયોગ કરે છે.



રાનીનું દૂધ લેવાનું વાસણ



કપ

પરંતુ એક દિવસ રાનીની મમ્મીએ તેને દૂધ લેવા માટે બીજું વાસણ આપ્યું.

રોજ તો રાનીનું આ વાસણ પૂરેપૂરું ભરાઈ જતું હતું.

પરંતુ આજે રાનીનું આ વાસણ પૂરેપૂરું ભરાયું નહીં.





વિચારો : અનિલે રાનીને ઓછું દૂધ આપ્યું ? _____

- આવું કેમ બન્યું ? _____



અંદાજ લગાવી લખો.

(૧) તમારી મમ્મી રોજ કેટલું દૂધ લે છે ?_____

(૨) તમારા ઘરમાં રહેલ તેલથી કેટલા કપ ભરાય ?_____

(૩) તમારા ઘરના બધા સભ્યો માટે ચા બનાવવા તપેલીમાં કેટલા કપ દૂધ રેડવું પડે ? _____

કેટલા કપ પાણી રેડવું પડે ? _____

પ્યાલો, લોટો, તપેલી, તપેલું, કથરોટ, ડોલ જેવાં વાસણો લઈ તેને ૧ જગ પાણીથી ભરો અને જુઓ કે

- કયાં કયાં વાસણો પાણીથી પૂરેપૂરાં ભરાયાં ? _____
- કયાં કયાં વાસણો પૂરેપૂરાં ન ભરાયાં ? _____

  શા માટે ? _____



૬

કેટલું પાણી જોઈએ ?

(૧)તમારા ઘરે નીચે આપેલ કામ માટે દરરોજ કેટલા ટબ, ડોલ અને કે પ્યાલા પાણી જોઈએ ?



_____
ટબ



_____
ડોલ



_____
ડોલ



_____
પ્યાલા

(૨) **અંદાજ લગાવો પછી કરીને જુઓ.**

(૧) કેટલા ટબ પાણીથી એક ડોલ ભરાય છે ? _____ અંદાજ _____ ખરેખર

(૨) નહાવા માટે તમે કેટલી ડોલ પાણીનો ઉપયોગ કરો છો ? _____ અંદાજ _____ ખરેખર

(૩) નહાવા માટે તમે કેટલાં ટબ પાણીનો ઉપયોગ કરો છો ? _____ અંદાજ _____ ખરેખર

(૪) બ્રશ / દાતણ અને કોગળા કરી મોઢું ધોવામાં તમે કેટલા પ્યાલા પાણીનો ઉપયોગ કરો છો ?
_____ અંદાજ _____ ખરેખર

(૫) આખા દિવસમાં હાથ-પગ ધોવામાં તમે કેટલાં ટબ પાણીનો ઉપયોગ કરો છો ?
_____ અંદાજ _____ ખરેખર



એક પાણી ભરેલા ફૂગ્ગાથી
કેટલી વાડકીમાં પાણી ભરાય ?

_____ વાડકી




પાણી ભરેલી પિચકારીથી
કેટલા પ્યાલામાં પાણી ભરાય ?

_____ પ્યાલા



વોટર બેગ ભરવા માટે કેટલા
પ્યાલા પાણીની જરૂર પડે ?

_____ પ્યાલા



પ્લાસ્ટિકની બોટલ પાણીથી ભરવા
કેટલા ચમચા પાણી જોઈએ ?

_____ ચમચા



એક જ વખતે એક સાથે
હું ૯ ડોલ પાણી પી શકું છું.
તો એક જ વખતમાં મારા જેવા
૨ ઊંટ કેટલી ડોલ પાણી પી શકે ?

_____ ડોલ

૨

કોઈની પણ મદદ લીધા વિના શું તમે આ કરી શકો છો ? આ વસ્તુઓ માટે તમારે દસ-દસ રૂપિયાની કેટલી નોટ અને એક-એક રૂપિયાના કેટલા સિક્કા જોઈએ ?



₹ ૨૦ _____

_____ 

₹ ૩૨



₹ ૫૫ _____

આ નોટો અને સિક્કા ભેગાં થઈ કુલ કેટલા રૂપિયા થશે ?





= _____ રૂપિયા



= _____ રૂપિયા




= _____ રૂપિયા



= _____ રૂપિયા

સંખ્યાનો વિસ્તાર



હવે આ પણ લખો અને મોટેથી બોલો.

૨૭	=	____	+	૭
૩૧	=	૩૦	+	____
૫૪	=	____	+	____
____	=	૯૦	+	૯
૬૩	=	____	+	____
૩૬	=	____	+	____
____	=	૮૦	+	૨


તમે આ સંખ્યાઓનો વિસ્તાર કરો.

૧૨	=	૧૦	+	૨
૧૯	=	__	+	૯
૧૧	=	__	+	__
__	=	૧૦	+	૭

૪

● = ૧૦
● = ૧

બંગડી ફેંક



તમારા મિત્ર સાથે બંગડી ફેંકની રમત રમો. દરેક ફેંક વખતે મળેલી સંખ્યા કોષ્ટકમાં લખો.

બંગડી ફેંકનો ક્રમ	મારી સંખ્યા	મારા મિત્રની સંખ્યા	વિજેતા
પહેલો			
બીજો			
ત્રીજો			
ચોથો			
પાંચમો			
છઠ્ઠો			

૬

વાંસળીવાળો અને ઉંદર

જો વાંસળીવાળાએ નીચેની સંખ્યામાં ઉંદર ગણ્યા હોય તો તેના ખિસ્સામાંથી કયા કયા સંખ્યા કાર્ડ નીકળ્યાં હશે ?

જેમ કે - ૨૩ ⟶ 

(૧) ૪૭ ⟶


(૨) ૫૫ ⟶

(૩) ૬૩ ⟶


(૪) ૭૨ ⟶

(૫) ૮૦ ⟶

જો વાંસળીવાળાના ખિસ્સામાંથી નીચે મુજબનાં સંખ્યા કાર્ડ નીકળ્યાં હોય તો તેણે કેટલા ઉંદર પકડ્યા હોય ? જેમ કે -



⟶ ૪૩

(૧) 

⟶

(૨) 

⟶

(૩) 


⟶

(૪) 

⟶

(૫) 

⟶



સ્વચ્છ શાળા દિન



દરેક ધોરણમાં કેટલી ટુકડી હશે ? કેટલાં બાળકો કોઈ પણ ટુકડીમાં નહીં હોય ? તે લખો.

ધોરણ	બાળકોની સંખ્યા	કેટલી ટુકડી ?	વધેલાં બાળકો
૧	૫૩		
૨	૪૨		
૩	૩૫		
૪	૫૪		
૫	૨૬		

- કુલ કેટલાં બાળકો કોઈ પણ ટુકડીમાં નહીં હોય ?

  _____

- આ વધેલાં બાળકોમાંથી બીજી કેટલી ટુકડી બનશે ?

  _____



● નમૂના મુજબ લખો.

૫૬	૫ દસ અને ૬	૫૦ + ૬
૭૪		
૬૪		
૮૭		
૯૩		
	૭ દસ અને ૫	
	૯ દસ અને ૮	
		૬૦ + ૬
૮૯		
		૭૦ + ૮
૯૯		

3

ચાલો બનીએ શિક્ષક

એક દિવસ ધોરણ-૨ના કેટલાક વિદ્યાર્થીઓએ વર્ગમાં શિક્ષક બનવાનું નક્કી કર્યું.
કયા વારે કોણ શિક્ષક બનશે તે નીચેના કોષ્ટકમાં દર્શાવ્યું છે.



વાર	કોણ શિક્ષક બનશે ?
સોમવાર	વૈભવ
મંગળવાર	અલ્પના
બુધવાર	ગૌરવ
ગુરુવાર	ગુરપ્રીત
શુક્રવાર	દીપક
શનિવાર	રહનુમા

- કોષ્ટકના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.

(૧) શુક્રવાર પછીના દિવસે _____ શિક્ષક બનશે.

(૨) મંગળવારની પહેલાંના દિવસે _____ શિક્ષક બનશે.

(૩) _____ ના પછીના દિવસે ગૌરવ શિક્ષક બનશે.

(૪) _____ ના પહેલાંના દિવસે દીપક શિક્ષક બનશે.



● રોજ-રોજ રમત ?

સમયપત્રક

દિવસ/તાસ	૧	૨	૩	૪	૫	૬
સોમવાર	ગુજરાતી	ગણિત	રમત	હિન્દી	પર્યાવરણ	સંગીત
મંગળવાર	ગુજરાતી	ગણિત	ચિત્રકામ	હિન્દી	પર્યાવરણ	પુસ્તકાલય
બુધવાર	ગુજરાતી	ગણિત	રમત	હિન્દી	પર્યાવરણ	સંગીત
ગુરુવાર	ગુજરાતી	ગણિત	ચિત્રકામ	હિન્દી	પર્યાવરણ	પુસ્તકાલય
શુક્રવાર	ગુજરાતી	ગણિત	રમત	હિન્દી	પર્યાવરણ	સંગીત
શનિવાર	ગુજરાતી	ગણિત	ચિત્રકામ	હિન્દી	પર્યાવરણ	પુસ્તકાલય

તાસ	કયા કયા વારે ?
ચિત્રકામ	
સંગીત	
રમત	
પુસ્તકાલય	

તમારા વર્ગમાં...

● રમતનો તાસ કયા કયા વારે હોય છે ? _____

● શું તમારે દરરોજ રમતનો તાસ રાખવો છે ? _____

● રમતના તાસમાં તમે કઈ-કઈ રમતો રમો છો ? _____

● ગુજરાતીનો તાસ કયા કયા વારે હોય છે ? _____

● સપ્તરંગીનો તાસ હોય છે ? જો હા, તો કયા કયા વારે ? _____

● શાળામાં અઠવાડિયામાં કયો વાર તમને સૌથી વધુ ગમે છે ? _____

૯

મનપસંદ માસ

એક દિવસ એન્થની, અર્જુન અને ઝેબા પોતાના મનપસંદ માસ વિશે વાતો કરતાં હતાં.



- તમારો મનપસંદ માસ કયો છે ?

_____

- તમને તમારા મનપસંદ માસમાં શું કરવું ગમે છે, તેનું ચિત્ર દોરો.



	મને સૌથી વધુ શું ગમે છે ?	આ કયા માસમાં આવે છે ?
ફળ		
શાકભાજી		
ફૂલ		

- તમે અને તમારા મિત્રો ઉજવતા હોય તેવા પાંચ તહેવારોનાં નામ લખો. આ તહેવાર જે માસમાં ઉજવાય છે તે માસનાં નામ લખો.





તહેવારનું નામ	જે માસમાં ઉજવાય છે તે માસનું નામ

૭

- મનપસંદ તહેવારનું ચિત્ર દોરો.

- ખૂટતા માસનાં નામ લખો.

જાન્યુઆરી	ફેબ્રુઆરી		એપ્રિલ		જૂન
	ઑગસ્ટ	સપ્ટેમ્બર	ઑક્ટોબર		ડિસેમ્બર

- કૅલેન્ડરની મદદથી વિગત ભરો.

(૧) વર્ષનો પ્રથમ માસ કયો છે ? _____

(૨) માર્ચ પછી કયો માસ આવે ? _____

(૩) ઓગસ્ટ પહેલા કયો માસ આવે ? _____

(૪) વર્ષનો છેલ્લો માસ કયો છે ? _____



● **લખો.**

અંગ્રેજી માસનાં નામ	
જાન્યુઆરી	
ફેબ્રુઆરી	
માર્ચ	
એપ્રિલ	
મે	
જૂન	
જુલાઈ	
ઑગસ્ટ	
સપ્ટેમ્બર	
ઑક્ટોબર	
નવેમ્બર	
ડિસેમ્બર	

ગુજરાતી માસનાં નામ	
કારતક	
માગશર	
પોષ	
મહા	
ફાગણ	
ચૈત્ર	
વૈશાખ	
જેઠ	
અષાઢ	
શ્રાવણ	
ભાદરવો	
આસો	

એકમ ૨૩

૧૦

જવાબ આપો.

(૧) (ક) શિયાળામાં તમારા દાંત ઠંડીથી કડકડે છે ? હા / ના

(ખ) ઉનાળામાં ખુલ્લા પગે ચાલવાથી તમારા પગ દઝાય છે ? હા / ના

– એવા એક માસનું નામ આપો, કે જેમાં તમે સરળતાથી ખુલ્લા પગે ફરી શકો. _____

(૨) (ક) શું તમે ઘણા દિવસો સુધી વરસાદ પડતાં જોયો છે ? હા / ના

(ખ) તમારા વિસ્તારમાં સૌથી વધારે વરસાદ કયા કયા માસમાં પડે છે ? _____

(૩) (ક) તમારા વિસ્તારમાં સૌથી વધારે ગરમી કયા કયા માસમાં પડે છે ? _____

(ખ) તમારા વિસ્તારમાં સૌથી વધારે ઠંડી કયા કયા માસમાં પડે છે ? _____

● **નીચે આપેલા મહિનાઓમાં કયાં કયાં ફળો અને શાકભાજી બજારમાં વધુ જોવા મળે છે ? લખો કે ચિત્ર દોરો.**

મે-જૂન	
ફળ	શાકભાજી

ડિસેમ્બર-જાન્યુઆરી	
ફળ	શાકભાજી

૧૧

(૧) ખૂટતા માસનાં નામ લખો.

જાન્યુઆરી			એપ્રિલ
મે			ઑગસ્ટ
	ઑક્ટોબર	નવેમ્બર	


(૨) ખૂટતા માસનાં નામ લખો.

કારતક	માગસર		
	ચૈત્ર	વૈશાખ	
	શ્રાવણ	ભાદરવો	આસો

(૩) ખાલી જગ્યા પૂરો.

- રવિવાર પછી _____ આવે.
- સોમવારના બે દિવસ પછી _____ આવે.
- શનિવાર પહેલાં _____ આવે.
- મંગળવારના ત્રણ દિવસ પછી _____ આવે.

(૪) નીચેનાં ચિત્ર જોઈને તહેવાર ઓળખો.


_____ _____ _____





_____ _____ _____

(૫) સાચા જવાબ પર ◯ કરો.

- કયા માસમાં ખૂબ ઠંડી પડે ?

  જૂન ડિસેમ્બર માર્ચ

- કયા માસમાં ખૂબ ગરમી પડે ?

  મે જાન્યુઆરી નવેમ્બર


- ઉત્તરાયણ કયા માસમાં આવે ?

  ઑગસ્ટ મે જાન્યુઆરી

- નાતાલ કયા માસમાં આવે ?

  નવેમ્બર ડિસેમ્બર જાન્યુઆરી


૨


આ વખતે કાંગારું, વાંદરો, હરણ, જીરાફ અને વાઘ રમત રમ્યાં. પણ વાઘ રમત હારી ગયો. તેણે ગુસ્સામાં કેટલાકના પોઈન્ટ ભૂસી નાખ્યા.
● ભૂસાયેલા પોઈન્ટ લખો.
● આ વખતે વિજેતા કોણ છે ?
_____
૧૬ + ☐ = ૨૧
☐ + ૮ = ૩૨
૧૬ +૧૩ = ☐
☐ + ૫ = ૩૫
૨૩ + ☐ =૩૦
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭ ૩૮ ૩૯ ૪૦ ૪૧ ૪૨ ૪૩ ૪૪ ૪૫ ૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧ ૫૨ ૫૩ ૫૪ ૫૫ ૫૬ ૫૭ ૫૮ ૫૯ ૬૦ ૬૧ ૬૨ ૬૩

એકમ ૨૪


૪





૬

એક ગરોળી એક કાણાંમાંથી બીજા કાણાંમાં આગળ વધે છે. કાણાંમાં સંતાયેલા કીડાને એ ખાય છે. ગરોળી ચિત્રમાં આપેલી લીટીઓ પર જ ચાલી શકે છે.



- ચિત્રમાં બતાવેલા કાણાંથી શરૂઆત કરીને ગરોળી કોઈ પણ ત્રણ કાણાં સુધી જાય છે.

  અને ૧૮ કીડા ખાય છે. તો ગરોળીએ નીચે મુજબનો રસ્તો પકડ્યો -

  ૮ + ૧ + ૯ = ૧૮

- ૧૨ કીડા ખાવા માટે ગરોળીનો રસ્તો શું હશે ? ◯ + ◯ + ◯ = ૧૨
- ૨૦ કીડા ખાવા માટેનો રસ્તો : ◯ + ◯ + ◯ = ૨૦
- ૩ કીડા ખાવા માટેનો રસ્તો : ◯ + ◯ + ◯ = ૩

હવે જો ગરોળી કીડા ખાવા માટે ચાર કાણાંમાં જાય તો,


- ૧૮ કીડા ખાવા માટેનો રસ્તો : ◯ + ◯ + ◯ + ◯ = ૧૮
- ૧૨ કીડા ખાવા માટેનો રસ્તો : ◯ + ◯ + ◯ + ◯ = ૧૨
- કયા રસ્તે ગરોળીને સૌથી વધુ કીડા ખાવા મળે ? ◯ + ◯ + ◯ + ◯ = ◯

૨મત ૨મો :

૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬	૯૭	૯૮	૯૯	૧૦૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮	૮૯	૯૦
૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦
૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
શરૂ કરો. ૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦








દાવ	શરૂઆત	પાસામાં આવેલા કુલ પોઈન્ટ	ક્યાં પહોંચ્યા ?
પહેલો	શરૂઆત	૧૧	૧૧
બીજો	૧૧	૪	૧૫
ત્રીજો	૧૫		
ચોથો			
પાંચમો			
છઠ્ઠો			
સાતમો			
આઠમો			






એકમ ૨૫

● લીટીઓ દોરો.


૨



એકમ ૨૫

૪

- ટપકાં જોડી ડિઝાઈન બનાવો.



એકતા

૫



15:46
FRI

08:52
SAT

03:27
SUN

00:41
THU


02:29
FRI


● દરેક ખાનામાં અલગ-અલગ સમય દર્શાવો.


એકમ ૨૫




● ટપકાં જોડો.









એકમ ૨૫

૭

- ટપકાં જોડી આકાર, ચિત્ર કે રંગોળી બનાવી તેમાં રંગ પૂરો.



એકમ ૨૫

૮


- તમને ગમતું હોય તેવું ચિત્ર દોરો.



એકમ ૨૬

૨

		દશક	એકમ
	મણકા	દસ-દસ મણકાની માળા	છૂટા મણકા
રીમા	૧૭		
આરિફ	૨૪		
સોનુ	૩૫		
સિમર	૩૧		
મનિષા	૪૦		
કનુ	૯		



તારીખ : _____


શિક્ષકની સહી : _____

એકમ ૨૬

૪

ગણો :

(૧) રઝિયા અને સોનુએ કેટલા મણકા લીધા ?

રઝિયા	 ●●
સોનુ	

	દશક	એકમ
		●
	૧	૨
+	૩	૫

રઝિયા અને સોનુએ ☐ મણકા લીધા.

(૨) રઝિયા અને આરિફે કેટલા મણકા લીધા ?

રઝિયા	 ●●
આરિફ	

	દશક	એકમ
		●
	૧	૨
+	૨	૪

રઝિયા અને આરિફએ ☐ મણકા લીધા.




ગણો :

(૩) આરિફ અને સિમરે કેટલા મણકા લીધા ?

આરિફ



સિમર




	દશક	એકમ
		•
	૨	૪
+	૩	૧


આરિફ અને સિમરે ☐ મણકા લીધા ?

(૪) સોનુ અને સિમરે કેટલા મણકા લીધા ?

સોનુ




સિમર



	દશક	એકમ
		•
	૩	૫
+	૩	૧

સોનુ અને સિમરે ☐ મણકા લીધા ?



એકમ ૨૬

૬

ગણો :

(૧) રીમા

સોનુ +

દશક	એકમ
૧	૭
૩	૫

(૨) આરીફ

સોનુ +

દશક	એકમ
૨	૪
૩	૫

(૩) +

દશક	એકમ
૨	૭
૧	૪

(૪) +

દશક	એકમ
૨	૫
૧	૬

(૫) +

દશક	એકમ
૧	૯
૧	૭

(૬) +

દશક	એકમ
૨	૭
૧	૩

(૭) +

દશક	એકમ
૨	૦
૨	૦

(૮) +

દશક	એકમ
૩	૬
૦	૮

તારીખ : _____

શિક્ષકની સહી : _____

૮

(૧) તનિષાની પાસે ૧૭ પેન્સિલ છે. સીમા પાસે ૨૫ પેન્સિલ છે. કુલ કેટલી પેન્સિલ છે ?

		દશક	એકમ
તનિષા		૧	૭
સીમા	+	૨	૫



જો સીમા ૩ પેન્સિલ તનિષાને આપી દે તો, તનિષાની પાસે ૨૦ પેન્સિલ થઈ જાય. ૨૦ + ૨૨ નો સરવાળો સરળ છે.

---

(૨) મુમતાજના વર્ગમાં ગુજરાતી વાર્તાનાં ૧૩ પુસ્તકો અને હિંદીનાં ૨૨ પુસ્તકો છે. કુલ મળીને વાર્તાનાં કેટલાં પુસ્તકો છે ?

	દશક	એકમ
	૧	૩
+	૨	૨

---

(૩) સાક્ષીની પાસે ૨૩ જામફળ છે. તેણે ૧૫ જામફળ ખાધાં. હવે તેની પાસે કેટલાં જામફળ વધે ?

	દશક	એકમ
	૨	૩
–	૧	૫



(૪) દલજીત પાસે ૩૫ લખોટીઓ છે. અરવિંદ પાસે ૨૫ લખોટીઓ છે. બંને પાસે મળીને કુલ કેટલી લખોટીઓ છે ?

	દશક	એકમ
	૩	૫
+	૨	૫

---


(૫) નિશા પાસે ૩૨ બંગડીઓ છે. સુધા પાસે ૧૬ બંગડીઓ છે. નિશા પાસે સુધા કરતાં કેટલી બંગડીઓ વધારે છે ?

	દશક	એકમ
	૩	૨
–	૧	૬

૬

વિમલની કેન્ટિન

બીલ બનાવવામાં વિમલને મદદ કરો.



	રૂપિયા
ફાફડા	૨૩
જલેબી	+ ૨૮
કુલ	

	રૂપિયા
ગાંઠિયા	૧૫
સેવ	+ ૮
કુલ	

	રૂપિયા
વેફર	૨૫
બિસ્કિટ	+ ૧૮
કુલ	


	રૂપિયા
ભજિયા	૨૭
ચા	+ ૧૫
કુલ	

૧૧

(૧) શેખર પાસે ૩૨ રૂપિયા છે. તેણે ૧૭ રૂપિયાનો દડો ખરીદ્યો. તેની પાસે કેટલા રૂપિયા બાકી વધે ?

	૩	૨
−	૧	૭





---

(૨) સોનુએ ૨૪ રૂપિયાનાં બિસ્કિટ અને ૧૬ રૂપિયાનું વેફરનું પેકેટ ખરીદ્યું. તેને કેટલા રૂપિયા ચૂકવવા પડશે ?


	૨	૪
+	૧	૬



---

(૩) ફંટુશ પાસે ૬૪ રૂપિયા છે. મેળામાં તેણે ૩૯ રૂપિયા ખર્ચ કરી દીધો. તેની પાસે હવે કેટલા રૂપિયા બચે ?

	૬	૪
−	૩	૯



૧૨

૧.

મણકા	૧૦-૧૦ ની માળા	છૂટા મણકા
૧૬		
૨૨		
૩૭		

૨. સરવાળા કરો.

	દશક	એકમ
	૩	૨
+	૧	૪

	દશક	એકમ
	૨	૬
+	૨	૩

	દશક	એકમ
	૨	૮
+	૧	૨

	દશક	એકમ
	૩	૦
+	૧	૬

૩. બાદબાકી કરો.

	દશક	એકમ
	૨	૮
−	૧	૫

	દશક	એકમ
	૩	૯
−	૨	૭

	દશક	એકમ
	૪	૧
−	૨	૪

	દશક	એકમ
	૩	૫
−	૧	૭

૪. રવિ પાસે ૨૬ પતંગ હતા.
ઉમંગને તેને ૧૪ પતંગ આપ્યા,
તો કુલ કેટલા પતંગ થાય ?

	દશક	એકમ
	૨	૬
+	૧	૪

---

૫. અશરફ પોતાની પાસેની ૪૨ લખોટીમાંથી
૧૫ લખોટી રૂબીનાને આપે છે,
તો તેની પાસે કેટલી લખોટી વધે ?

	દશક	એકમ
	૪	૨
−	૧	૫

---


૬. પીટર પાસે ૫૦ રૂપિયા હતા.
તેણે ૨૮ રૂપિયાનો દડો લીધો,
તો તેની પાસે કેટલા રૂપિયા બાકી રહેશે ?

	દશક	એકમ
	૫	૦
−	૨	૮

એકમ ૨૭

૨

- ડગલાં માપો અને લખો.






_____ ડગલાં






_____ ડગલાં





_____ ડગલાં





_____ ડગલાં



એકમ ૨૭

3



વેંત  કરતાં નાની વસ્તુ દોરો.

.....આંગળ	.....આંગળ
.....આંગળ	.....આંગળ


એકમ ૨૭

૫

વસ્તુનું નામ	મારો અંદાજ	મારું પરિણામ
પ્યાલો 	_____ આંગળ	_____ આંગળ
ડોલ 	_____ વેંત	_____ વેંત
તમારો હાથ 	_____ દીવાસળી	_____ દીવાસળી
શિક્ષકનું ટેબલ 	_____ વેંત	_____ વેંત
તમારું નાક 	_____ આંગળ	_____ આંગળ
પાણીની બોટલ 	_____ આંગળ	_____ આંગળ
તમારા વાળ 	_____ વેંત	_____ વેંત

૬

બિલાડીનું ભોજન - ઉંદર કે દૂધ ?



● **આંગળીઓથી માપો અને લખો.**

(૧) ઉંદર અને દૂધ વચ્ચેનું અંતર..... આંગળ છે.

(૨) ઉંદર અને બિલાડી વચ્ચેનું અંતર..... આંગળ છે.

(૩) દૂધ અને બિલાડી વચ્ચેનું અંતર..... આંગળ છે.

(૪) ઉંદરની પૂંછડીની લંબાઈ.....આંગળ છે.

(૫) ઉંદર પોતાને બચાવી શકશે ?

.....

.....

(૬) બિલાડી સૌથી પહેલાં કોની પાસે પહોંચશે ? (દૂધ કે ઉંદર)

.....

(૭) આ ચિત્રને આધારે વાર્તા લખો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....

.....


.....

૭

માપો અને દોરો.





- પથ્થરથી () ૨ આંગળી દૂર એક પાન દોરો.
- વાંદરાથી () એક દિવાસળી દૂર એક કેળું દોરો.
- પથ્થરથી () ૭ આંગળી દૂર એક પતંગ દોરો.
- પતંગથી () ૧ દિવાસળી દૂર એક વાદળ દોરો.
- કેળાથી () ૪ આંગળ દૂર એક પક્ષી બનાવો.
- બાકી રહેતી કોઈપણ જગ્યામાં તમારું () પોતાનું ચિત્ર દોરો અને વાંદરાના નાકથી તમારું અંતર માપો.

૮



મારો ચહેરો મારી એક વેંત જેટલો લાંબો છે.



મારું કપાળ ચાર આંગળ જેટલું પહોળું છે.



મારો હાથ મારા પગ જેટલો લાંબો નથી.



મારા પગ ની લંબાઈ

..... વેંત છે.



મારા હાથ ની લંબાઈ

..... વેંત છે.



મારું ગળું

.....


આંગળ જેટલું લાબું છે.



મારા વાળની લંબાઈ

.....

વેંત/આંગળ છે.



- મારી સૌથી લાંબી આંગળીની લંબાઈ..... આંગળ છે.

૧

આવતાં - જતાં પક્ષીઓ

- પક્ષીઓ જુઓ.
- તમે જોયાં હોય તેવાં પક્ષીઓ પર ◯ કરો.



૫

(૧) એક ક્રિકેટ મેચમાં રાહુલે ૨૩ રન અને ધોનીએ ૬૯ રન બનાવ્યા. કુલ મળીને કેટલા રન બન્યા ?

	૧૦	૧
	૨	૩
+	૬	૯



કુલ..... રન બન્યા.

(૨) પહેલા દિવસે મેળામાં દિયાએ ૪૮ શાલ વેચી. બીજા દિવસે તેણે ૧૭ શાલ વેચી. કુલ મળીને તેણે કેટલી શાલ વેચી ?

	૧૦	૧
□		



દિયાએ કુલ..... શાલ વેચી.

(૩) સસલાભાઈ સાકરિયા એક અઠવાડિયામાં ૨૯ ગાજર ખાય છે. તેનો મિત્ર સસલાભાઈ બાકરિયા અઠવાડિયામાં ૪૨ ગાજર ખાય છે. કોણ વધુ ગાજર ખાય છે ? કેટલાં ?


	૧૦	૧
□		



..... સસલાભાઈ..... ગાજર વધુ ખાય છે.

(૪) નેહા ૨૯ વર્ષની છે. એની મમ્મી ૫૮ વર્ષની છે.
નેહાની મમ્મી તેનાથી કેટલી મોટી છે ?






મમ્મી, નેહાથી..... વર્ષ મોટી છે.

ગણો.

	૨	૪		૩	૨		૬	૮		૧	૯
+	૪	૩	−	૨	૭	+	૧	૩	+	૩	૯


	૫	૪		૭	૩		૮	૦		૪	૩
+	૪	૩	−	૫	૯	−	૬	૭	−	૨	૭

	૩	૯		૪	૮		૯	૪		૭	૬
−	૨	૫	+	૩	૮	−	૮	૭	−	૨	૮



૬

યોગ્ય બસમાં બેસો.


દરેક કાર્ડના દાખલા ગણો. બસનો નંબર જુઓ. કાર્ડને બસના નંબર સાથે મિલાવો અને શોધો કે કોણ કઈ બસમાં બેસશે ?
બસ નંબર-૪૯
બસ નંબર-૭૫
બસ નંબર-૬૭
૨૭ + ૨૨
૪૮ + ૧૯
૮૮ - ૨૧
૪૭ + ૨૮
૯૩ - ૧૮
૩૭ + ૧૨
૩૮ + ૩૭
૨૫ + ૨૪
૯૯ - ૩૨

૬



૮

ચકાચક ટોળી

ચકાચક શબ્દનો મતલબ છે - સાફ અને ચમકતું હોવું. ચકાચક ટોળી એ વિદ્યાર્થીઓની એક ટોળીનું નામ છે, જે પોતાનો બગીચો સાફ કરવાનું કામ કરે છે.



● **ચકાચક ટોળીએ બગીચામાં વૃક્ષોની ગણતરી કરી.**

વૃક્ષો	વૃક્ષોની સંખ્યા
	૯૦
	૭૫
	૮૨
	૬૮
	૯૪

●  નાં વૃક્ષો  નાં વૃક્ષોથી વધુ છે ? (હા / ના)

વૃક્ષો કેટલાં વધુ છે ? .....

● સૌથી ઓછાં વૃક્ષો છે, તેનું ચિત્ર દોરો.


● સૌથી વધુ વૃક્ષો છે, તેનું ચિત્ર દોરો.

● વિદ્યાર્થીઓએ  નાં વૃક્ષોની સંખ્યા ૧૦૦ કરવા માટે બીજાં નવાં વૃક્ષો વાવ્યાં, તો કહો જોઈએ તેમણે કેટલાં વધુ વૃક્ષો વાવ્યાં હશે ? .....

૮

શ્રેયા જે પૈસા જમા કરે છે તે પોતાની ડાયરીમાં લખે છે. શ્રેયાની ડાયરીની મદદથી એ બાબત જાણો કે મહિનો પૂરો થતાં, તેની પાસે કેટલા રૂપિયાની બચત થઈ હશે ?

● ડાયરી ●

તારીખ	લેવડ - દેવડ (ઓક્ટોબર)
૩-ઑક્ટોબર	૭૦ રૂપિયા જમા કર્યા.
૭-ઑક્ટોબર	૧૮ રૂપિયાની  સાવરણી ખરીદી.
૧૨-ઑક્ટોબર	૨૫ રૂપિયાની  ફિનાઈલની બોટલ ખરીદી.
૨૫-ઑક્ટોબર	૨૭ રૂપિયા બનાવેલા કાર્ડ વેચીને જમા કર્યા.

કુલ જમા કર્યા - ..... રૂપિયા


કુલ ખર્ચ કર્યા - ..... રૂપિયા

ઑક્ટોબરના અંતમાં કુલ બચત - ..... રૂપિયા

૨

નામમાં અક્ષર



તમારા મિત્રો  ને કહો કે પોતાનું નામ એક કાગળ પર લખે.

(ક) એક સરખા અક્ષરથી પૂરાં થતાં હોય તેવાં નામની સંખ્યા : .....

(ખ) એવો અક્ષર જેનાથી કોઈ નામની શરૂઆત ન થાય : .....

(ગ) એક સરખા અક્ષરથી શરૂ થતાં હોય તેવાં નામની સંખ્યા : .....


3

ફળવાળો



ફળવાળા પાસે તમારા
માટે ઘણાં બધાં ફળ છે.
જુઓ અને શોધો કે તેની
પાસે કયા કયા ફળ છે ?

ગણો અને લખો.

ફળ	ફળની સંખ્યા
	
	
	



કેશગૂંથણ









- તમારા વર્ગખંડનાં વિદ્યાર્થીઓને ધ્યાનથી જુઓ.

બધા જ વિદ્યાર્થીઓએ પોતાના વાળ અલગ-અલગ પ્રકારે ઓળ્યા છે.

ધ્યાનથી જુઓ, ગણો અને લખો.

કેશગૂંથણ	વિદ્યાર્થીઓની સંખ્યા
	
	
	

શોધો અને ખાલી જગ્યા પૂરો.

(ક)  પ્રકારના વાળવાળા વિદ્યાર્થીઓની સંખ્યા  વિદ્યાર્થીઓથી ..... છે. (ઓછી / વધારે)

(ખ) ..... વિદ્યાર્થીઓના વાળ  છે.

૫

પગરખાંની સંખ્યા

તમારા વર્ગખંડના વિદ્યાર્થીઓના પગ જુઓ.

બધાએ  બૂટ,  ચંપલ અથવા  સેન્ડલ પહેર્યા છે.

બૂટ, ચંપલ અથવા સેન્ડલનું તળિયું જુઓ. 

 તળિયા પર એક નંબર હોય છે. તે તમારા બૂટનું માપ હોય છે.

આ કોષ્ટક ભરો.



પગરખાંનું માપ	વિદ્યાર્થીઓની સંખ્યા
૯	
૧૦	
૧૧	

શોધો :

(ક) કેટલા વિદ્યાર્થીઓના બૂટનું માપ (૯) છે ? ..... વિદ્યાર્થીઓ

(ખ) (૧૧) માપવાળા બૂટ ..... વિદ્યાર્થીઓના છે.

(ગ) મોટાભાગના વિદ્યાર્થીઓના બૂટનું માપ ( ) છે.

(ઘ) ( ) માપના બૂટ સૌથી ઓછા વિદ્યાર્થીઓ પાસે છે.

૬

પીવાનું પાણી



- તમારા મિત્રોને પૂછો કે તે એક દિવસમાં કેટલા પ્યાલા પાણી પીવે છે?
- તેના આધારે નીચેનું કોષ્ટક પૂરું કરો.

કેટલા પ્યાલા પાણી ?	વિદ્યાર્થીની સંખ્યા
	
	
	
	
	

શોધો.

(ક)  પ્યાલા પાણી પીવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ..... છે.

(ખ)  પ્યાલા પાણી ..... બાળકો પીવે છે.

(ગ)  પ્યાલા પાણી પીવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા

 પ્યાલા પાણી પીવાવાળા વિદ્યાર્થીઓથી ..... છે. (ઓછી/વધારે)

મનપસંદ રંગ

તમારી આસપાસ ઘણા બધા રંગ છે.

તમારા મિત્રોને પૂછો કે તેને કયો રંગ સૌથી વધારે પસંદ છે ?

કેટલા વિદ્યાર્થીઓને પીળો રંગ પસંદ છે ?

તેની સંખ્યા નીચે આપેલા કોષ્ટકમાં લખો.



આવી જ રીતે કોષ્ટકને લાલ, વાદળી અને લીલા રંગ માટે પૂરું કરો.

મનપસંદ રંગ	વિદ્યાર્થીઓની સંખ્યા
પીળો	
લાલ	
વાદળી	
લીલો	

શોધો.

(ક) મોટાભાગના વિદ્યાર્થીઓને ☐ રંગ પસંદ છે.

(ખ) ☐ રંગ પસંદ કરવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ☐ રંગ પસંદ કરવાવાળા બાળકોથી વધુ છે.

(ગ) ☐ રંગ પસંદ કરવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા ☐ રંગ પસંદ કરવાવાળા બાળકોથી ઓછી છે.

૭

વર્ગખંડના વિદ્યાર્થીઓને નીચેનાં ચિત્રો બતાવી, તેમાંથી તેને કઈ વસ્તુ સૌથી વધારે ભાવે છે ? તે પૂછો.

ખાવાની વસ્તુ	વિદ્યાર્થીની સંખ્યા
	
	
	
	
	
	

(૧) કઈ વસ્તુ સૌથી વધારે વિદ્યાર્થીઓને ભાવે છે ? .....

(૨) કઈ વસ્તુ સૌથી ઓછા વિદ્યાર્થીઓને ભાવે છે ? .....

૧.....એક	૧	એક
૨.....બે		
૩.....ત્રણ		
૪.....ચાર		
૫.....પાંચ		
૬.....છ		
૭.....સાત		
૮.....આઠ		
૯.....નવ		
૧૦.....દસ		
૧૧.....અગિયાર		
૧૨.....બાર		
૧૩.....તેર		
૧૪.....ચૌદ		
૧૫.....પંદર		
૧૬.....સોળ		
૧૭.....સત્તર		
૧૮.....અઢાર		
૧૯.....ઓગણીસ		
૨૦.....વીસ		
૨૧.....એકવીસ		
૨૨.....બાવીસ		
૨૩.....તેવીસ		
૨૪.....ચોવીસ		
૨૫.....પચીસ		

૨૬.....છવ્વીસ

૨૭.....સત્તાવીસ

૨૮.....અઠ્ઠાવીસ

૨૯.....ઓગણત્રીસ

૩૦.....ત્રીસ

૩૧.....એકત્રીસ

૩૨.....બત્રીસ

૩૩.....તેત્રીસ

૩૪.....ચોત્રીસ

૩૫.....પાંત્રીસ

૩૬.....છત્રીસ

૩૭.....સાડત્રીસ

૩૮.....આડત્રીસ

૩૯.....ઓગણચાળીસ

૪૦.....ચાળીસ

૪૧.....એકતાળીસ

૪૨.....બેતાળીસ

૪૩.....તેતાળીસ

૪૪.....ચુંમાળીસ

૪૫.....પિસ્તાળીસ

૪૬.....છેતાળીસ

૪૭.....સુડતાળીસ

૪૮.....અડતાળીસ

૪૯.....ઓગણપચાસ

૫૦.....પચાસ

૫૧.....એકાવન

૫૨.....બાવન

૫૩.....તેપન

૫૪.....ચોપન

૫૫.....પંચાવન

૫૬.....છપ્પન

૫૭.....સત્તાવન

૫૮.....અઠ્ઠાવન

૫૯.....ઓગણસાઠ

૬૦.....સાઠ

૬૧.....એકસઠ

૬૨.....બાસઠ

૬૩.....ત્રેસઠ

૬૪.....ચોસઠ

૬૫.....પાંસઠ

૬૬.....છાસઠ

૬૭.....સડસઠ

૬૮.....અડસઠ

૬૯.....ઓગણસિત્તેર

૭૦.....સિત્તેર

૭૧.....એકોત્તેર

૭૨.....બોત્તેર

૭૩.....તોત્તેર

૭૪.....ચુમોત્તેર

૭૫.....પંચોત્તેર

૭૬.....છોત્તેર

૭૭.....સત્યોત્તેર

૭૮.....અઠયોત્તેર

૭૯.....ઓગણ્યાએંશી

૮૦.....એંશી

૮૧.....એકયાસી

૮૨.....બ્યાસી

૮૩.....ત્યાસી

૮૪.....ચોર્યાસી

૮૫.....પંચ્યાસી

૮૬.....છયાંસી

૮૭.....સત્યાસી

૮૮.....અઠયાસી

૮૯.....નેવ્યાસી

૯૦.....નેવું

૯૧.....એકાણું

૯૨.....બાણું

૯૩.....તાણું

૯૪.....ચોરાણું

૯૫.....પંચાણું

૯૬.....છન્નું

૯૭.....સત્તાણું

૯૮.....અઠાણું


૯૯.....નવ્વાણું


૧૦૦.....સો

ફનપેજ-૧

૧ થી ૮ સુધીના નંબરને ક્રમિક જોડી કનુકાકાને બેકરીનો રસ્તો બતાવો.








ફનપેજ-૨

આપેલ પ્રાણીઓને તેના પગ સાથે જોડો.



ફનપેજ-3

મિતાલીને તેના બેટ સુધી પહોંચાડો.





ફનપેજ-૪

સામે આપેલ ટુકડાઓ કાપી અહીં ચોંટાડો અને ચિત્ર પૂરું કરો.






તારીખ : _____

શિક્ષકની સહી : _____




પ્રજ્ઞા વિષય : ગણિત

(ઘોરણ ૨)




ગણિત સ્વઅધ્યયનપોથી

ધોરણ ૨







ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.
ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - "૧૨૦ પાના." ૮૦ જી.એસ.એમ. મેપલીથો પેપર (પેપર મીલ : શાહ મીલ)
કવર પેજ - "૪ પાના." ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૨૧૦ x ૨૮૦ એમ.એમ. બાઈન્ડીંગ : પરફેક્ટ બાઈન્ડીંગ (સાઈડ ટુ પીન)